# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com


---

અખબારી યાદી                                                        તા. ૧૦-૪-૨૦૨૩

- **શું ગુજરાત ના સુંદર દરિયા કિનારા ના સુંદર બીચ ખતરા માં છે?**
- **શું ગુજરાત ના સુંદર બીચ આવનારી પેઢી માટે નામ શેષ કે ગાયબ થઈ જશે ?**
- **ગુજરાત રાજ્ય દેશ માં ૧૯૪૫.૬ નો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે, તેમાં દેશ માં સૌથી વધારે ૫૩૭.૫ કિલોમીટર નું ધોવાણ છે તેવું સરકાર સ્વીકારે છે.**
- **રાજ્યસભા ના એક સવાલ ના જવાબ માં ગાયબ થતાં બીચ માં ગુજરાત નો બ્લુ ફ્લેગ શિવરાજપુર બીચ નો સમાવેશ.**
- **માંડવી, તિથલ, દાંડી, ઉભરાટ, સુવલી, ડાભરી જેવા બીચ ગાયબ થવાના આરે – રાજ્ય સભાના ગાયબ થતા બીચના લીસ્ટમાં આમનો સમાવેશ.**
- **બીચ ઉપર ધોવાણ (Erosion) અને કાંપ - કીચડ - કચરા (Accretion) ના ભરાવવા થી દરિયાઈ કાંઠા ને નુકશાન..**

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પ્રેસ મિત્રો ને સંબોધતાં જણાવ્યું હતું કે સમગ્ર દેશ ના ૬૬૩૨ K.M ના દરિયાઈ કાંઠા માં થી ૬૦ ટકા થી વધુ દરિયાઈ કિનારો, પર્યાવરણ ની દૃષ્ટિ એ ખતરા માં છે. સમગ્ર દેશ માં ૩૩.૬% દરિયાઈ કાંઠો ધોવાણ (Erosion) હેઠળ છે અને ૨૬.૯% દરિયાઈ કાંઠા માં કાંપ,કીચડ કચરા નો ભરાવો (accretion) ના લીધે નુકશાન થઇ રહ્યુ છે. રાજ્યસભા ના ૬ એપ્રિલ ૨૦૨૩ ના એક જવાબ માં ચોકાનારો ખુલાસો થયો છે. ગુજરાત રાજ્ય ના જાણીતા બીચ આવનારા સમય માં ગાયબ અથવા નામ શેષ થવા ની દિશા માં છે. બ્લુ ફ્લેગ બીચ ના નામે અલગ અલગ માધ્યમો થી શિવરાજપુર બીચ ની જાહેરાતો થાય છે તે બીચ નો દરિયા કાંઠો ખતરા માં છે. શિવરાજપુર બીચ નો ૩૨૬૯૨.૭૪ sq.m નો વિસ્તાર ધોવાણ હેઠળ છે અને ૨૩૯૬.૭૭ sq. m નો વિસ્તાર માં કાંપ કીચડ દરિયાઈ કચરા નો ભરાવો થઈ રહ્યો છે. ઉભરાટ બીચ માં ૧૧૦૮૯૫.૩૨ Sq.m માં કાંપ કીચડ (accretion) નો ભરાવો છે. તિથલ અને સુવવલી માં ૬૯૯૧૦.૫૬ sq.m અને ૬,૮૮,૭૮૩.૧૭ Sq.m દરિયાઈ કિનારો ધોવાણ હેઠળ છે. દાભરી અને દાંડી માં ૧૬,૪૦૧,૪૯.૫૨ sq.m અને ૬૯,૪૩૪.૨૬ Sq.m કાંઠો ધોવાણ હેઠળ છે. માંડવી નો ૨૦,૪૭૧.૪૪ sq.m નો દરિયા કાંઠા માં એક્રીશન હેઠળ એટલે કચરા કાંપ ના ભરાવા હેઠળ છે.

કેન્દ્ર સરકાર ના પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય પ્રમાણે સમગ્ર દેશ માં સૌથી વધુ દરિયાઈ કાંઠો ધરાવતો ગુજરાત રાજ્ય નો કાંઠો ખતરા માં છે. ગુજરાત રાજ્ય ના ૧૯૪૫.૬ કિલોમીટર ના દરિયાઈ કાંઠા માં થી ૫૩૭.૫ કિલોમીટર ના દરિયાઈ કાંઠા નું ધોવાણ છે. કેન્દ્ર સરકાર દ્વારા ધોવાણ (erosion) અને કાંપ કીચડ કચરા નો ભરાવો (accretion) ના નિવારણ માટે ની ત્રણ સાઈટ કેરળ, પુદુચેરી અને તમિલનાડુ માં નક્કી કરવા આવી, છતાં દેશ નો સૌથી મોટો દરિયા કાંઠો ધરાવતો અને સૌથી વધુ ધોવાણ ધરાવતા રાજ્ય માં એક પણ સાઈટ સેન્ટ્રલ સેક્ટર પ્લાન સ્કીમ હેઠળ પસંદ કરવા માં આવી નથી. જે દરિયાઈ કાંઠો ખતરા માં છે તેવા ગુજરાત રાજ્ય જ્યાં દેશ માં સૌથી વધુ ધોવાણ છે ત્યાંની એક પણ સાઈટ કે વિસ્તાર પસંદ કરવા આવી નથી. સમગ્ર રિપોર્ટ દર્શાવે છે કે ગુજરાત અને કેન્દ્ર સરકાર દરિયાઈ કાંઠા ના પર્યાવરણ ને બચાવવા નિષ્ફળ અને ઉદાસીન છે. દરીયાઈકાંઠાના પર્યાવરણથી માત્ર દરીયાઈ પર્યાવરણ અને જીવોને જ નુકસાન નહી થાય કાંઠાના વિસ્તારમાં રહેતા લોકો ખાસ કરીને માછીમારી કરનારા માછીમારોના જનજીવન ઉપર અને કાંઠા વિસ્તારના લોકોના જનજીવન ઉપર મોટી અસર ઉભી કરશે. સમુદ્રી પાણીનું સ્તર વધશે અને ક્લાઈમેન્ટ ચેન્જના જમાનામાં પર્યાવરણથી જનજીવન પ્રભાવીત થશે.

| રાજ્યના દરીયાઈ કાંઠા | ધોવાણ (Erosion) કીલોમીટરમાં |
|---|---|
| ગુજરાત | 537.5 |
| તમીલનાડુ | 422.94 |
| વેસ્ટ બંગાલ | 323.07 |
| આંધ્રપ્રદેશ | 294.89 |
| કેરલા | 275.33 |

| ગુજરાતના ગાયબ થતા બીચ | | |
|---|---|---|
| બીચનું નામ | ધોવાણ (Erosion) sq.m | કાપ – કીચડ – કચરાનો ભરાવો (Accretion) Sq.m |
| ઉભરાટ બીચ | - | 110895.32 |
| તીથલ બીચ | 69910.56 | - |
| સુવલ્લી બીચ | 688783.17 | - |
| માંડવી બીચ | - | 20471.44 |
| દાંડી બીચ | 69434.26 | - |
| ડાભરી બીચ | 1640149.52 | - |
| શીવરાજપુર બીચ | 32692.74 | 2396.77 |
| દીવ બીચ (U.T.) | - | 2336.42 |
| ઘોઘલા બીચ (U.T.) | 13614.04 | 3430.41 |

પાર્થિવરાજસિંહ કઠવાડિયા
પ્રવકતા, મો. 9898134146